BAOU Education for All

॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# સુંદરકાણ્ડ અને પર્યાવરણ: સાંસ્કૃતિક દૃષ્ટિકોણ

ડૉ. સ્વાતિ શાહ
એસોસિએટ પ્રોફેસર,
સ્કૂલ ઓફ હ્યુમિનિટી એન્ડ સોશ્યલ સાયન્સીઝ.
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
અમદાવાદ

## સારાંશ

સાંસ્કૃતિક સાહિત્યિક કૃતિઓમાં કુદરતી તત્ત્વો; જેવાં કે, પર્વતો, વૃક્ષો, વેલીઓ, પુષ્પો, વનો અને ઉપવનો, સમુદ્ર, નદીઓ, સરોવરો અને તળાવોનાં આકર્ષક વર્ણનો પ્રાપ્ત થાય છે. આ કૃતિઓમાં પ્રાકૃતિક તત્ત્વો અને મનુષ્યજીવન એકમેક સાથે સતત અને સહજ રીતે સંકળાયેલું જોઈ શકાય છે. ખાસ કરીને રામાયણના સુંદરકાણ્ડમાં આલેખાયેલ લંકાના પર્યાવરણ વિષયક સુંદર ચિત્રાત્મક વર્ણનો તેનું સચોટ ઉદાહરણ છે. વાલ્મીકિ રચિત આદિકાવ્ય રામાયણમાં પર્યાવરણીય તત્ત્વોના અદ્ભુત વર્ણનની સાથે પર્યાવરણની કાળજી અને મનુષ્યની પ્રકૃતિ સાથેની સહાવસ્થા જોવા મળે છે.

આધુનિક સમયમાં માનવી અનેકવિધ પર્યાવરણીય સમસ્યાઓનો ભોગ બની રહ્યો છે અને પ્રાકૃતિની વિષમાવસ્થાથી ઉદ્ભવતા પ્રશ્નોનો સામનો કરી રહ્યા છીએ, ત્યારે સાંસ્કૃતિક દૃષ્ટિકોણથી પર્યાવરણ વિશે સમજવું આવશ્યક છે.

**ચાવીરૂપ શબ્દો:**

વાલ્મીકિ, રામાયણ, સુંદરકાણ્ડ, પર્યાવરણ, સાંસ્કૃતિક દૃષ્ટિકોણ, સંસ્કૃત, કાવ્ય, અગ્નિ, ઉષા, પુષ્પક

માનવની ઉત્પત્તિના પ્રારંભિક કાળથી આરંભી સંસ્કૃત સાહિત્ય સુધી માનવ પ્રકૃતિના એક ભાગ તરીકે જ રહ્યો છે, એવું આપણે જોઈ શકીએ છીએ. આદમ અને ઈવની કથા ય ઉપવનમાં પ્રારંભાય છે અને ઋગ્વેદમાં મનુષ્ય પ્રકૃતિ સાથે ઓતપ્રોત છે. ઋગ્વેદનાં મુખ્ય દેવતાઓ; અગ્નિ, વરુણ, સૂર્ય, પર્જન્ય, ઉષા, નદી, આદિ પ્રકૃતિનાં તત્ત્વો છે. ઋગ્વેદના પ્રથમ મંડળના પ્રથમ સૂક્તનો પ્રથમ મંત્ર અગ્નિદેવતાનો છે;

**ॐ** अग्निमीळे पुरोहितं यज्ञस्य देवमृत्विजम् । होतारं रत्नधातमम् ॥[1]

આપણે યજ્ઞના પુરોહિત, દેવતા અને હોતાને રત્નોની પ્રાપ્તિ કરાવનાર અગ્નિદેવતાની ઉપાસના કરીએ.

અગ્નિ એ પ્રકૃતિનું તત્ત્વ છે અને ઋષિ એ તત્ત્વનું મહિમાગાન કરે છે, તેને પ્રાર્થના પણ કરે છે. આ મંત્રમાં આવેલ પુરોહિત શબ્દનો અર્થ થાય છે, આગળ (પુર:) વધારનાર, અગ્નિ ઋષિના યજ્ઞને આગળ વધારે છે, કેમ કે અગ્નિ વિના હોમ શક્ય કેમ બને? વળી આ અગ્નિ 'દેવતા' એટલે કે દાન કરનાર છે અને પ્રકાશરૂપી રત્નોની પ્રાપ્તિ કરાવનાર છે. કારણ કે અગ્નિ પાસેથી પક્વ અન્ન અને પ્રકાશ સહજ રીતે જ પ્રાપ્ત કરી શકાયાં છે. ત્યારે પરમ પ્રાકૃતિક તત્ત્વ અગ્નિની ઉપાસનાના મંત્રથી આપણો પ્રાચીનતમ ગ્રંથ, આપણો પ્રથમ સાંસ્કૃતિક દસ્તાવેજ પ્રારંભ પામે છે. સમગ્ર ઋગ્વેદમાં આપણને જળ, સૂર્ય, વર્ષા, ઇત્યાદિ જેવાં અનેક પ્રાકૃતિક તત્ત્વોની ઉપાસના, પ્રશંસા અને તે દ્વારા જીવનમાં તેના મહત્ત્વનું દર્શન પ્રાપ્ત થાય છે.

જેમ કે, વૈદિક ઋષિ દેવતા ઉષાની સ્તુતિ કરતાં કહે છે કે,

**विश्वमस्या नानाम चक्षसे जगज्ज्योतिष्कृणोति सूनरी ।**
**अप द्वेषो मघोनी दुहिता दिव उषा उच्छदप स्रिधः ॥[2] (ऋ. 1-48/8)**

અર્થાત્, સૃષ્ટિભરનાં પ્રાણીઓ આ ઉષાના પ્રકાશ સમક્ષ મસ્તક નમાવે છે, કારણ કે સુંદર નેત્રોવાળી ઉષા પ્રકાશની દાત્રી છે. આકાશની આ ભવ્ય દુહિતા દુરિતોને અને શત્રુઓને દૂર કરનારી છે.

રાત્રીના અંધકારમાંથી ફૂટતા પ્રભાતના પ્રથમ કિરણરૂપી ઉષાનાં સૂક્તો આપણને વેદોમાં પ્રાપ્ત થાય છે.

વૈદિક કાળની આ પરંપરામાં આપણે જોઈ શકીએ છીએ કે, ઋષિ પ્રાર્થના પ્રકૃતિનાં તત્ત્વોની કરે છે, સ્તુતિ ય તેમની જ કરે છે અને તેમની સાથે વાતો પણ કરે છે, નદી-વિશ્વામિત્ર સૂક્ત એનું દૃષ્ટાંત છે.[3] તેમનું જીવન આ તત્ત્વોથી અલગ કરી શકાય એમ નથી.

વૈદિક કાળથી આગળ વધતાં ભારતીય સંસ્કૃતિનાં બે મહાન પ્રાચીન મહાકાવ્યો આપણી નજર સમક્ષ ઉપસ્થિત થાય છે, જેમાં રામાયણને સંસ્કૃત સાહિત્યના પ્રથમ કાવ્ય એટલે કે આદિકાવ્ય તરીકે સ્વીકારામાં આવ્યું છે.

રામાયણ કાવ્યની ઉત્પત્તિ જ પ્રકૃતિની સહજ આનંદાવસ્થા અને તેમાં વિક્ષેપ ઉત્પન્ન કરનાર મનુષ્ય સાથે સંકળાયેલી છે, જે આ શ્લોકમાં વ્યક્ત થયું છે;

**मा निषाद प्रतिष्ठां त्वमगमः शाश्वतीः समाः । यत्क्रौंचमिथुनादेकमवधी काममोहितम् ।।**
**-(બાલકાણ્ડ, સર્ગ-2-15)**

કામમોહિત ક્રૌંચયુગલમાંથી તેં એકને હણ્યું છે. આથી, હે નિષાદ! તને અનંતકાળ સુધી શાંતિ પ્રાપ્ત નહીં થાય.

કામક્રીડારત સારસયુગલમાંથી એકને વ્યાધે હણ્યું, ત્યારે જીવિત સારસના વિલાપે મહર્ષિ વાલ્મીકિને વિચલિત કરી દીધા. તેમના મનમાં ઉત્પન્ન થયેલો શોક સહસા શ્લોક બનીને સરી પડ્યો અને તત્કાલીન ભારતીય સંસ્કૃતિના દર્પણ સમાન કાલજયી કાવ્ય સર્જાયું. આ કાવ્યમાં અનેક સ્થાને મનુષ્ય અને પ્રકૃતિનું સહઅસ્તિત્વ અભિન્ન અને સૂચક રીતે દર્શાવાયું છે.

અયોધ્યા દશરથ અને ઇક્ષ્વાકુઓની રાજધાનીનું નગર છે, તેનું વર્ણન વાલ્મીકિ આ રીતે કરે છે: ઉપવનો અને આમ્રકુંજોથી સુશોભિત અને સાલવૃક્ષોની મેખલા ધારણ કરેલી નગરી. **उद्यानाम्रवर्णोपेतां महती सालमेखलाम्|** (બાલકાણ્ડ, સર્ગ-5-12)

જ્યારે રામાયણમાં આપણને પ્રકૃતિ સર્વત્ર જીવનની સાથે વણાયેલી જોવા મળે છે. બાલકાણ્ડથી પ્રારંભી ઉત્તરકાણ્ડ સુધીના દરેક તબક્કે પ્રકૃતિનાં તત્ત્વો જાણે પોતે જ જીવંત પાત્ર હોય એવી સહજતાથી અને સર્વવ્યાપકતાથી રામકથામાં ગૂંથાયાં છે. આ પ્રકૃતિ રામકથાને સૌંદર્ય બક્ષવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે સાથેસાથે ભારતીય જીવન પ્રકૃતિ સાથે કેવી રીતે જોડાયેલું છે તે પણ દર્શાવે છે. આ શોધપત્રમાં રામાયણના સુંદરકાણ્ડમાં આવેલ પર્યાવરણના સંદર્ભો વિશે વિચારણા કરવામાં આવી છે. આધુનિક સમયમાં માનવી અનેકવિધ

પર્યાવરણીય સમસ્યાઓનો ભોગ બની રહ્યો છે અને પ્રાકૃતિની વિષમાવસ્થાથી ઉદ્ભવતા પ્રશ્નોનો સામનો કરી રહ્યા છીએ, ત્યારે સાંસ્કૃતિક દૃષ્ટિકોણથી પર્યાવરણ વિશે સમજવું આવશ્યક છે.

સુંદરકાણ્ડનો પ્રારંભ હનુમાન સીતાને શોધવા માટે સમુદ્ર પાર કરી લંકા જઈ રહ્યા છે, એ ઘટનાથી થાય છે. પર્વત પર ઊભા રહેલા હનુમાને સૂર્યને, ઇન્દ્રને, પવનને, બ્રહ્માને અને સર્વે પ્રાણીઓને પ્રણામ કરીને જવાની ઈચ્છા કરી. અહીં પવન અને સૂર્ય; બન્ને પ્રકૃતિનાં તત્ત્વો છે. કાર્યનો આરંભ કરતાં પહેલાં હનુમાન એમને પણ નમન કરે છે.

**स सूर्याय महेन्द्राय पवनाय स्वयम्भुवे |**

**भूतेभ्यश्चाञ्जलिं कृत्वा चकार गमने मतिम् || સર્ગ 1-7||**

આમ તો આ સુંદરકાણ્ડના નાયક હનુમાન પણ ક્યાં મનુષ્ય છે? વાલ્મીકિ કહે છે કે, **वानरान्वानरश्रेष्ठ इदं वचनमब्रवीत् ||** સર્ગ 1-35|| વાનરશ્રેષ્ઠે વાનરોને આ પ્રમાણે કહ્યું. છતાં તેઓ મનુષ્ય રામનું કામ કરવા ઉદ્યત થયા છે! સીતાને લંકામાંથી શોધી લાવીશ અથવા રાવણ સાથેની લંકાને ઊખાડીને લાવીશ.

**सर्वथा कृतकार्योऽहमेष्यामि सह सीतया |**

**आनयिष्यामि वा लङ्कां समुत्पाट्य सरावणाम् || સર્ગ 1-39||**

જ્યારે હનુમાન મહેન્દ્ર પર્વત પરથી ઊડ્યા ત્યારનું પ્રકૃતિનું વર્ણન ચિત્રાત્મક છે. તેમની સાથે વેગના કારણે ખેંચાઈને વૃક્ષો અને પુષ્પો ઊડ્યાં અને થોડી વાર પછી એ પુષ્પો સમુદ્રમાં પડ્યાં ત્યારે તારાઓથી ભરેલા આકાશ સમાન સમુદ્રનું જળ ભાસ્યું;

**तस्य वेगसमुद्भूतैः पुष्पैस्तोयमदृश्यत |**

**ताराभिरभिरामाभिरुदिताभिरिवाम्बरम् || સર્ગ 1- 51||**

મનુષ્યના, ખાસ તો રામના કાર્યમાં હનુમાનને સફળતા મળે એ માટે પ્રકૃતિનાં તત્ત્વો ય શક્ય મદદ કરવા કૃતશ્રમ છે; જેમ કે દરિયા પર ઊડી રહેલા વાનરશ્રેષ્ઠને તાપ ન લાગે એ માટે સૂર્યએ તેમને ગરમી ન લાગે એ માટે કાળજી લીધી અને વાયુ વહેવા લાગ્યો.

**तताप न हि तं सूर्यः प्लवन्तं वानरेश्वरम् |**

**सिषेवे च तदा वायू रामकार्यार्थसिद्धये || સર્ગ 1- 72||**

સાગરે વિચાર કર્યો કે, જો હનુમાનની હું સહાય નહીં કરું તો હું વાણી ધરાવતાં સર્વની નિંદાનું ભાજન બનીશ. વળી, ઈક્ષ્વાકુ કુળના અધિપતિ સગરે મારું વર્ધન કર્યું છે, ત્યારે ઈક્ષ્વાકુ કુળના સચિવ કષ્ટ પામે એ કોઈ રીતે યોગ્ય નથી.

**साहाय्यं वानरेन्द्रस्य यदि नाहं हनूमतः |**
**करिष्यामि भविष्यामि सर्ववाच्यो विवक्षताम् || સર્ગ 1- 76||**

**अहमिक्ष्वाकुनाथेन सगरेण विवर्धितः |**
**इक्ष्वाकुसचिवश्चायं नावसीदितुमर्हति || સર્ગ 1- 77||**

અને તેણે પોતાના પેટાળમાં રહેલા મૈનાક પર્વતને હનુમાનની મદદ કરવા કહ્યું અને વૃક્ષો અને વેલીઓથી વીંટળાયેલો સોનેરી મૈનાક હનુમાનને વિશ્રામ આપવા જળમાંથી તરત જ બહાર આવ્યો.

**हिरण्यनाभो मैनाको निशम्य लवणाम्भसः |**
**उत्पपात जलात्तूर्णं महाद्रुमलतायुतः || સર્ગ 1- 89||**

અને વિશ્રામ કરવા અને સ્વાદિષ્ટ અને સુગંધી ફળ-ફૂલ ગ્રહણ કરી, થાક ઈતારીને પછી જવાની વિનંતિ કરી.

**तिष्ठ त्वं हरिशार्दूल मयि विश्रम्य गम्यताम् |**
**तदिदं गन्धवत्स्वादु कन्दमूलफलं बहु |**
**तदास्वाद्य हरिश्रेष्ठ विश्रान्तोऽनुगमिष्यसि || સર્ગ 1- 102||**

સાગર પાર કરી ત્રિકુટ પર્વત પર ઊતરેલા હનુમાન લંકા જુએ છે અને એ પ્રથમ દર્શનમાં ય આપણને લંકાની પ્રાકૃતિક સમૃદ્ધિનું દર્શન થાય છે;

**स तस्मिन्नचले तिष्ठन्वनान्युपवनानि च |**
**स नगाग्रे च तां लङ्कां ददर्श पवनात्मजः || સર્ગ 2- 8||**

**सरलान्कर्णिकारांश्च खर्जूरांश्च सुपुष्पितान् |**
**प्रियालान्मुचुलिन्दांश्च कुटजान्केतकानपि || સર્ગ 2- 9||**

**हंसकारण्डवाकीर्णा वापीः पद्मोत्पलायुताः |**
**आक्रीडान्विविधान्रम्यान्विविधांश्च जलाशयान् || સર્ગ 2- 12||**

**सन्ततान्विविधैर्वृक्षैः सर्वर्तुफलपुष्पितैः |**
**उद्यानानि च रम्याणि ददर्श कपिकुञ्जरः || સર્ગ 2- 13||**

**समासाद्य च लक्ष्मीवाँल्लङ्कां रावणपालिताम् |**
**परिखाभिः सपद्माभिः सोत्पलाभिरलङ्कृताम् || સર્ગ 2- 14||**

રાવણની નગરી લંકાના વનો-ઉપવનો, ફળેફૂલે ભરેલાં વૃક્ષો, પદ્મ અને ઉત્પલ ભરેલાં જળાશયો હનુમાનને સહુ પ્રથમ નજરે ચડ્યાં છે. અને હનુમાનને આકાશમાં રહેલો ચંદ્ર, ચાંદીના પીંજરામાં રહેલા હંસ સમાન, મંદાર પર્વતની કંદરાઓમાં રહેલા સિંહ સમાન, ગર્વિત હાથીઓ વચ્ચે રહેલા પરાક્રમી પુરુષ સમાન જણાયો.

**हंसो यथा राजतपञ्जुरस्थः सिंहो यथा मन्दरकन्दरस्थः |**
**वीरो यथा गर्वितकुञ्जरस्थश्चन्द्रोऽपि बभ्राज तथाम्बरस्थः || સર્ગ 4-4||**

સીતાને શોધવા હનુમાન રાક્ષસોના એક ઘરમાંથી અન્ય ઘરમાં અને ઉદ્યાનોમાં ડર્યા વિના ફરે છે;

**गृहाद्गृहं राक्षसानामुद्यानानि च वानरः |**
**वीक्षमाणो ह्यसन्त्रस्तः प्रासादांश्च चचार सः || સર્ગ 5-15||**

અને રાક્ષસરાજ રાવણ વડે રક્ષાતી લંકાનગરીના લોકોના ગૃહોમાં પણ પર્યાવરણ પ્રત્યેની અભિરુચિ સ્પષ્ટ જણાઈ આવે છે; તેમના ઘર પદ્મ અને સ્વસ્તિક આકારના છે, જાણે કે તે પ્રકૃતિની જ પ્રતિમૂર્તિ છે અને એ  ઘરોની આસપાસ વિવિધ પુષ્પયુક્ત વૃક્ષો ધરાવતાં અલંકૃત ઉપવનો છે,

**प्रजज्वाल तदा लङ्का रक्षोगणगृहैः शुभैः |**
**सिताभ्रसदृशैश्चित्रैः पद्मस्वस्तिकसंस्थितैः |**
**वर्धमानगृहैश्चापि सर्वतः सुविभाषितैः || સર્ગ 3-22||**

રાત્રે લંકામાં પ્રવેશેલા હનુમાન જુએ છે કે આ નગરના મુખ્ય રસ્તાઓની બન્ને બાજુએ ફૂલો આપતાં વૃક્ષો આવેલાં છે અને એના ખરેલાં પુષ્પોથી જાણે માર્ગ સજાવેલો છે.

**प्रविष्टः सत्त्वसम्पन्नो निशायां मारुतात्मजः |**
**स महापथमास्थाय मुक्तापुष्पविराजितम् || સર્ગ 3-20||**

અહીં, એ સ્પષ્ટ છે કે રસ્તાઓ ફૂલો તોડીને રસ્તા નથી શણગારાયા, પણ मुक्तापुष्पविराजितम् અર્થાત્ સ્વયં ખરી પડેલાં ફૂલો રસ્તાને સુંદર બનાવી રહ્યાં છે.

હનુમાનને હંસ, મયૂર અને બગલાના અવાજો સંભળાય છે, અર્થાત્ આ ગૃહોની વચ્ચે પક્ષીઓને ફરવા અને ઊડવાની પૂરતી જગ્યા હશે અને નાનાં તળાવ કે વાપી જેવાં જળસ્રોતો પણ હશે, જેથી આ પક્ષીઓ નગર વચ્ચે રહેવાનું પસંદ કરતાં હશે.

**क्रौञ्चबर्हिणसङ्घुष्टे राजहंसनिषेवितैः | સર્ગ 3-11|**

આ નગરીની પરયાવરણની પરિસ્થિતિ હનુમાન દ્વારા કહેવાયેલા આ વાક્યથી સમજી શકાય એમ છે, रम्यकाननतोयाढ्यां पुरीम्..... | સર્ગ 3-2 | સુંદર ઉપવનો અને જળાશયોથી સમૃદ્ધ નગરી!

અશોકવનનું વર્ણન પણ પ્રકૃતિ સાથેના રાવણની નિસબત દર્શાવે છે. આ વનનું વર્ણન વાલ્મીકિ આ પ્રમાણે કરે છે:

**सालानशोकान्भव्यांश्च चम्पकांश्च सुपुष्पितान् |**
**उद्दालकान्नागवृक्षांश्चूतान्कपिमुखानपि || સર્ગ 12-3||**

**अथाम्रवणसञ्चन्नां लताशतसमावृताम् |**
**ज्यामुक्त इव नाराचः पुप्लुवे वृक्षवाटिकाम् || સર્ગ 12-4||**

સાલ, અશોક અને સુગંધી ચમ્પક, નાગકેસર, વાનરમુખ, ઉદ્દાલક વૃક્ષો જેવાં આમ્રફળ ધરાવતાં વૃક્ષો અને હજારો વેલીઓથી સુશોભિત ભવ્ય અશોકવાટિકા હનુમાને જોઈ. વળી, આ અશોકવનમાં અદ્ભુત જૈવવૈવિધ્ય પણ જોવા મળે છે. જેમ કે, વિવિધ રંગ અને આકારના અનેક પક્ષીઓ ત્યાં હતા, જે વિવિધ અવાજો કરતા હતા. અનેક પ્રકારનાં પ્રાણીઓ ત્યાં હતા. કૃત્રિમ રીતે બનાવાયેલ આ વાટિકાની વિશાળતા અહીં મુક્તપણે વિહરતાં પશુ-પક્ષીઓને દર્શાવી સૂચવવામાં આવી છે.

**स प्रविष्य विचित्रां तां विहगैरभिनादिताम् |**
**राजतैः काञ्चनैश्चैव पादपैः सर्वतोवृताम् || સર્ગ 12-5||**

**विहगैर्मृगसङ्घैश्च विचित्रां चित्रकाननाम् |**
**उदितादित्यसङ्काशां ददर्श हनुमान्कपिः || સર્ગ 12-6||**

આ વસંત ઋતુનો સમય હતો એટલે અશોકવાટિકા ફળો અને ફૂલોથી સભર હતી. આથી, તેનાથી આકર્ષાઈને આવેલાં ભ્રમરો અનેક પક્ષી અને પ્રાણીઓને આનંદ આપતા હતા. આ વાટિકા મત્ત મોર અને મત્ત કોયલોથી એ ખીચોખીચ ભરાયેલી હતી.

**वृतां नानाविधैर्वृक्षैः पुष्पोपगफलोपगैः |**
**कोकिलैर्भृङ्गराजैश्च मतैर्नित्यनिषेविताम् || સર્ગ 12-7||**

**प्रहृष्टमनुजे काले मृगपक्षिसमाकुले ।**
**मत्तबर्हिणसङ्घुष्टां नानाद्विजगणायुताम् ॥ સર્ગ 12-8॥**

સુખેથી સૂતેલાં અનેક પક્ષીઓને હનુમાને જગાડી દીધાં અને અચાનક ઊડેલાં એ પક્ષીઓના વૃંદના કારણે પુષ્પોનો જાણે વરસાદ થઈ ગયો!

**मार्गमाणो वरारोहां राजपुत्रीमनिन्दिताम् ।**
**सुखप्रसुप्तान्विहगान्बोधयामास वानरः ॥ સર્ગ 12-9॥**

**उत्पतद्भिर्द्विजगणैः पक्षैः सालाः समाहताः ।**
**अनेकवर्णा विविधा मुमुचुः पुष्पवृष्टयः ॥ સર્ગ 12-10॥**

અશોકવાટિકાના વર્ણનમાં આપણે સૌંદર્ય અને સાથે સાથે અર્થપૂર્ણ જળસંચાલન પણ જોઈ શકીએ છીએ. છીએ. ઉત્તમ પાણીથી છલોછલ, વિવિધ આકારની, મૂલ્યવાન મણિઓના પગથિયાં ધરાવતી વાવની  બધી બાજુએ લતાઓનાં ઝૂમખાં અને વૃક્ષો આવેલાં હતાં. અહીં અમૃત સમાન પાણી ધરાવતી નદીઓ હતી.

**वापीश्च विविधाकाराः पूर्णाः परमवारिणा ।**
**महार्हैर्मणिसोपानैरुपपन्नास्ततस्ततः ॥ સર્ગ 12-22॥**

**दीर्घाभिर्द्रुमयुक्ताभिः सरिद्भिश्च समन्ततः ।**
**अमृतोपमतोयाभिः शिवाभिरुपसंस्कृताः ॥ સર્ગ 12-25 ॥**

**लताशतैरवतताः सन्तानकसमावृताः ।**
**नानागुल्मावृतवनाः करवीरकृतान्तराः ॥ સર્ગ 12-26॥**

આ અશોકવનમાં આકાશને અડતા પર્વતની પ્રતિકૃતિ સમાન, વૃક્ષોથી ઘેરાયેલો નાનકડો ક્રીડાપર્વત હતો અને તે પર્વત પરથી નીચે પડતી નાની નદીને હનુમાને જોઈ. આ પર્વતની તળેટીમાં સુંદર તળાવ હતું, તેના કિનારે સુંદર રેતી અને નાનકડું ઉપવન હતું. નાનકડી ખીણ અને નાનાં નાનાં ઝરણાંઓ હતાં. સુંદરકાણ્ડમાં આપણને આ અદ્ભુત લેન્ડસ્કેપ પ્લાનીંગ જોવા મળે છે.

**ततोऽम्बुधरसङ्काशं प्रवृद्धशिखरं गिरिम् ।**
**विचित्रकूटं कूटैश्च सर्वतः परिवारितम् ॥ સર્ગ 12-27॥**

**ददर्श च नगात्तस्मान्नदीं निपतितां कपिः ।**
**अङ्कादिव समुत्पत्य प्रियस्य पतितां प्रियाम् ॥ સર્ગ 12-29॥**

આમ, રામાયણના સુંદરકાંડમાં આપણને પ્રકૃતિનાં સુંદર ચિત્રો મળે છે અને મનને આનંદ આપે છે એ તો ખરું જ, પણ માનવ અને પ્રકૃતિનાં તત્ત્વો જાણે પરસ્પર વિશે વિચારે છે, પરસ્પરની સંભાળ લે છે. હનુમાન રામ વિશે વિચારી સાગર કૂદી જવા જેવા અને રાવણની લંકામાં સીતાને શોધવા જેવા જોખમી કાર્ય માટે ઉદ્યત થાય છે, તો સાગર અને મૈનાક પર્વત હનુમાનને કેવી રીતે સહાય કરી શકાય એ બાબતે વિચારે છે. વળી, આ બન્ને કૃતજ્ઞતાનો ભાવ પણ અનુભવે છે. મહેન્દ્ર પર્વત અને લંકા પશુ, પક્ષી, વૃક્ષો અને વેલીઓ, વાવ, નદીઓ, તળાવો, સમુદ્ર અને પર્વતોથી ભરેલાં છે, મહેન્દ્ર પર્વત તો માન્યું કે જંગલમાં આવેલો છે, પણ રાવણ-પાલિત લંકા અને તેનાં ગૃહો સુદ્ધાં પ્રકૃતિ સાથે સામંજસ્ય સાધીને ઊભાં છે. લંકાથી પાછા ફરી રહેલા હનુમાન જે અરિષ્ટ પર્વત પરથી ઊડે છે એ પણ પ્રકૃતિથી ભરપૂર નિરૂપાયો છે.

નગર અને ગૃહોમાં તો પ્રકૃતિ અને પર્યાવરણને સ્થાન આપવામાં આવ્યું જ છે, પણ સાથે સાથે આપણે જોઈ શકીએ છીએ કે, જ્યાં પ્રાકૃતિક તત્ત્વોને સીધાં જોડીશકાય એમ નથી, એવાં સ્થાને ચિત્રોમાં પ્રકૃતિને સ્થાન આપવામાં આવ્યું છે.

સુંદરકાણ્ડના છઠ્ઠા સર્ગમાં પુષ્પક વિમાનનું વર્ણન મળે છે. મહર્ષિ લખે છે કે, બહુ યુક્તિપૂર્વક તૈયાર કરવામાં આવેલું, આકાશમાં રહેલ મેઘસમાન, બહુઅરત્નખચિત વિમાન હનુમાને જોયું. એ પુષ્પકમાં પૃથ્વીને પર્વતમાળથી પૂર્ણ કરેલી, પર્વતોને વૃક્ષચંદરવાથી મઢેલા, વૃક્ષોને પુષચંદરવાથી પૂર્ણ કરેલા અને પુષ્પોને પરગકેસરથી પૂર્ણ કરેલા હતા. તે ચિત્રોમાં શુભ્ર મહેલો, પુષ્પતળાવડીઓ, કમળો અને વન હતાં.

**ददर्श युक्तीकृतमेघचित्रं विमानरत्नं बहुरत्नचित्रम् ॥ સર્ગ 6 - 8॥**

**मही कृता पर्वतराजिपूर्णा शैलाः कृता वृक्षवितानपूर्णाः ।**
**वृक्षाः कृताः पुष्पवितानपूर्णाः पुष्पं कृतं केसरपत्रपूर्णम् ॥ સર્ગ 6 - 9॥**

**कृतानि वेश्मानि च पाण्डुराणि तथा सुपुष्पा अपि पुष्करिण्यः ।**
**पुनश्च पद्मानि सकेसराणि धन्यानि चित्राणि तथा वनानि ॥ સર્ગ 6 - 10॥**

વેદુર્યથી બનાવેલાં પક્ષીઓ, રત્નોથી તૈયાર કરેલા સર્પો પણ તે ચિત્રોમાં હતા. હતા.એમાં શુભ અંગોવાળા તુરગ, હાથીઓ પણ હતા.

માનવસંસ્કૃતિ પ્રકૃતિના ખોળામાં જ જન્મી છે અને ઊછરી છે. ભારતીય સંસ્કૃતિના પ્રાચીનતમ ગ્રંથો હોય કે હડપ્પન સંસ્કૃતિમાંથી મકી આવેલાં ચિત્રો હોય, મનુષ્ય અને પ્રકૃતિ સાથેસાથે ઊભાં છે, એકબીજાનાં પૂરક બનીને રહ્યાં છે, ત્યારે પ્રકૃતિને થતું નુકસાન આખરે માણસ માટે અનેકવિધ પ્રશ્નો અને મુશ્કેલીઓ જ ઉત્પન્ન કરે છે. પ્રકૃતિ સાથે સામંજસ્ય સાધવું અને પરસ્પરાવલંબનથી જીવવું એ જ કદાચ પ્રાકૃતિક મુશ્કેલીઓથી બચવાનો એકમાત્ર ઉપાય છે.

સંદર્ભસાહિત્ય:


1. https://archive.org/details/rigveda-hindi-dr-ganga-sahay-sharma/page/n153/mode/2up
2. https://www.bharattemples.com/hymn-xlviii-dawn-rig-veda-book-1/
3. http://hindumantavya.blogspot.com/2017/02/rigved-mandal-3.html


રામાયણ:


1. https://archive.org/details/in.ernet.dli.2015.325882/page/n83/mode/2up
2. https://sanskritdocuments.org/mirrors/ramayana/utf/5_sundarakanda_1.html
3. પંડ્યા વિજય, , सुंदरकाण्डम, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, 1997